અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિની યોજનાઓના ઓનલાઇન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે કોન્ટ્રાકચ્યુઅલ મેનપાવર મેળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૨૦/૧૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૦૫/૦૧/૨૦૨૧

<u>વંચાણે લીધા-</u>

(૧) આઇ.ટી. કમિટિની તા:૦૨/૦૧/૨૦૨૦ના રોજની બેઠકની કાર્યવાહી નોંધ
(૨) વિભાગનો સરખા ક્રમાંકનો તા:૦૪/૦૨/૨૦૨૦નો ઠરાવ
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૯/૧૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અજાક/ગ-૧/પ/૨૦-૨૧/૬૦૪૯

<u>આમુખ:</u>

વંચાણે લીધેલ ક્રમાંક-૧ પર દર્શાવેલ વિભાગની આઇ.ટી. કમિટિની તા:૦૨/૦૧/૨૦૨૦ની બેઠકની કાર્યવાહી નોંધ મુજબ શિષ્યવૃત્તિની યોજનાઓનો ઓનલાઇન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે .NET Technologyના જાણકાર હોય તેવા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર iNDEXTb પાસેથી મેળવવા તેમજ વખતોવખત જરૂર પડ્યે ઉકત મેનપાવર iNDEXTb પાસેથી મેળવી લેવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-૨ પર દર્શાવેલ વિભાગના તા:૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની પ્રિ-મેટ્રીક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાઓનો ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અમલીકરણ માટે NIC, ગાંધીનગર ખાતે .NET Technology સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર એમ કુલ ૦૨ જગ્યા ઉપર કોન્ટ્રાકચ્યુઅલ મેનપવાર જાન્યુઆરી-૨૦૨૦થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીના સમયગાળા માટે iNDEXTb પાસેથી મેળવવા મંજૂરી આપેલ હતી. ઉકત કરારનો સમયગાળો પૂર્ણ થવાનો હોઇ, વંચાણે લીધેલ ક્રમાંક-3 પર દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા:૧૯/૧૧/૨૦૨૦ના પત્રથી અત્રેના તા:૦૪/૦૨/૨૦૨૦ના ઠરાવથી મંજૂર કરેલ ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર એમ કુલ ૦૨ કોન્ટ્રાકચ્યુઅલ મેનપવારની સેવા જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૧ સુધી લંબાવી આપવાની દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનાઓના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અમલીકરણ માટે નેશનલ ઇનફોર્મેટીકસ સેન્ટર, ગાંધીનગર

ખાતે .NET Technology સ્કીલ ધરાવતા ૦૧ સીનીયર પ્રોગ્રામર અને ૦૧ પ્રોગ્રામર એમ કુલ ૦૨ પ્રોગ્રામરની કરાર આધારિત સેવા લેવાની મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે:-

| ક્ર | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | અનુભવ | માસિક મહેનતાણું (Rate exclusive of Tax) |
|---|---|---|---|---|
| ૧ | સીનીયર પ્રોગ્રામર | ૧ | ૦૫ વર્ષનો અનુભવ | રૂ. ૪૮,૭૬૦/- |
| ૨ | પ્રોગ્રામર | ૧ | ૦૨ વર્ષનો અનુભવ | રૂ. ૪૦,૨૫૦/- |

શરતો:-

(૧) ઉપર દર્શાવેલ સેવા માટે કરાર આધરિત મેનપાવર જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ માટે iNDEXTb પાસેથી મેળવવાનો રહેશે

(૨) આ મેનપાવર અંગેનો ખર્ચ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને ફાળવવામાં આવતી આઇ.ટી સદરની ગ્રાન્ટ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૩૧/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૩) જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર
(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૫) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સિલેક્ટ ફાઈલ-૨૦૨૧.